અપીલ અરજી નં.૭૫ તા.૨૦–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ગૌરીબેન બળવંતભાઈ પટેલ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગૌરીબેન બળવંતભાઈ પટેલની તા.૧૧–૫–૦૯ ની અરજીથી જાહેર બાંધકામ માટે આપવામાં આવતી પરવાનગી માટે નીતિ–નિયમો તથા જો કોઈ પ્લાન રદ કરવામ આવ્યો હોય અને તેના પ્લાન મુકનાર ઈસમ રીવાઈઝડ પ્લાન મુકે તો તે કેવા સંજોગોમાં પાસ થઈ શકે? તે માટેના કોઈ નીતી–નિયમો છે કે કેમ? જો નીતી નિયમો હોય તો તેની પ્રમાણીત નકલ નિયત ફી મેળવી પાઠવશો. તેમજ બી.યુ.સી.ની પરવાનગી વગર,રજાચીઠ્ઠી વગર કોઈ ઈમારતમાં વસવાટ થતો હોય તો તેવા સંજોગોમાં સુ.મ.પા. એ શું કાર્યવાહી કરવાની રહે છે? તેની માહિતી તેમજ રદ થયેલ રજાચીઠ્ઠી ટીડીઓ/એસ.ઝેડ/ડી.પી./નં.૦૭ તા.૨૭–૭–૦૭ વાળી ગેરકાયદેસર રીતે હાલમાં પણ અસ્તીત્વ ધરાવતી ઈમારત જમીનદોસ્ત કરવામાં આવેલ નથી. તેનો ખુલાસો અને મિલકતદારે જો કોઈ બાંહેધરી કે વિનંતી પત્ર કે અન્ય કાર્યવાહી કરેલ હોય તો તેની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૬–'૦૯ ની અપીલ અરજી નં.૭૫/૨૦૦૯–૧૦

શ્રી ગૌરીબેન બળવંતભાઈ પટેલની તા.૧૧–૫–૦૯ ની અરજીથી વિષયમાં જણાવેલ બાબતની માહિતી માંગતી અરજી અંગે કાર્યપાલક ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૧૦૯૯ તા.૨૫–૫–૦૯ થી આપેલ માહિતી ખોટી તેમજ ઉડાઉ જવાબ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૪ તા.૧–૭–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૧–૫–૦૯ ની અરજીથી જાહેર બાંધકામ માટે આપવામાં આવતી પરવાનગી માટે નીતિ–નિયમો તથા જો કોઈ પ્લાન રદ કરવામા આવ્યો હોય અને તેના પ્લાન મુકનાર ઈસમ રીવાઈઝડ પ્લાન મુકે તો તે કેવા સંજોગોમાં પાસ થઈ શકે? તે માટેના કોઈ નીતી–નિયમો છે કે કેમ? જો નીતી નિયમો હોય તો તેની પ્રમાણીત નકલ નિયત ફી મેળવી પાઠવશો. તેમજ બી.યુ.સી.ની પરવાનગી વગર,રજાચીઠ્ઠી વગર કોઈ ઈમારતમાં વસવાટ થતો હોય તો તેવા સંજોગોમાં સુ.મ.પા. એ શું કાર્યવાહી કરવાની રહે છે? તેની માહિતી તેમજ રદ થયેલ રજાચીઠ્ઠી ટીડીઓ/એસ.ઝેડ/ડી.પી./નં.૦૭ તા.૨૭–૭–૦૭ વાળી ગેરકાયદેસર રીતે હાલમાં પણ અસ્તીત્વ ધરાવતી ઈમારત જમીનદોસ્ત કરવામાં આવેલ નથી. તેનો ખુલાસો અને મિલકતદારે જો કોઈ બાંહેધરી કે વિનંતી પત્ર કે અન્ય કાર્યવાહી કરેલ હોય તો તેની નકલ આપવા બાબતે માંગણી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/ટેક./૧૦૯૯ તા.૨૫–૫–૦૯ થી "જો પ્લાન રદ કરવામા આવ્યો હોય અને તેના પ્લાન મુકનાર ઈસમ રીવાઈઝ પ્લાન મુકે તો ડી.સી.આર ની જોગવાઈ મુજબ રીવાઈઝ પ્લાન પાસ થઈ શકે. વિકાસ પરવાનગી અંગેના નીતિ નિયમો અંગે સુડા મારફત માર્ગદર્શિકા પુસ્તીકા બહાર પાડવામાં આવેલ છે. જે નિયત ફી ભરી સુડામાંથી મેળવી શકાય છે. બીયુસીની પરવાનગી વગર, રજાચિઠ્ઠી વગર, કોઈ ઈમારતમાં વસવાટ થતો હોય તો તેવા સંજોગોમાં બીપીએમસી એકટની જોગવાઈ અંતર્ગત તે મિલ્કત સુરત મહાનગરપાલિકા સીલ કરી શકે છે.વધુમાં અત્રેથી હાથ ધરાનાર કાર્યવાહી બાબતે કોઈ માહિતી આપવામાં આવતી નથી. આપની અરજીમાં દર્શાવેલ મિલ્કતના મિલ્કતદાર તરફથી કોઈ બાંહેધરી કે વિનંતી પત્ર આપવામાં આવેલ નથી. " જે માહિતી અરજદારને પૂરી પાડયાની નકલ અત્રે પૂરી પાડેલ છે. જેના અનુસંધાને અપીલ તબકકે અરજદારે ડીસીઆરની જોગવાઈઓ વિરુધ્ધ વધારાનું બાંધકામ તથા મંજુર ન થઈ શકે તેવું બાંધકામ દુર કરવા તેમજ સુરત મહાનગરપાલિકા સીલ મારવામાં આવેલ છે જેમાં વપરાશ હજુ ચાલુ છે તેને કેમ સીલ મારવામાં આવતા નથી? તેવી રજૂઆત કરેલ છે. જે કાર્યવાહીને લગતી છે. પરંતુ અરજદારે અપીલ તબકકે કરેલ ખોટી માહિતી આપ્યાનું અને દસ્તાવેજ ઉપલબ્ધ હોવા છતાં નહીં આપ્યાની રજૂઆતના સમર્થનમાં જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના જ તા.૨૮–૧–૦૯ ના પત્રથી અરજદારને પાઠવેલ માહિતીમાં મિલ્કતદાર તરફથી બાંહેધરી આપ્યાના સ્પષ્ટ ઉલ્લેખ જણાય છે. તથા જાહેર માહિતી અધિકારના જ તા.૨–૧–૦૯ ના સંબધિત ફાઈલના નોંધ વિભાગમાં પણ તેને સમર્થન મળતી નકલ અરજદારે રજૂ કરેલ છે. જે જાહેર માહિતી અધિકારીના આ અંગે આપેલ માહિતીને વિરોધાભાસી ઠેરવે છે. આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી બાંહેધરી સિવાયના મુદ્દા પૂરતી પૂરી પાડવામાં આવેલ છે.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ધ્વારા નહીં પૂરી પાડેલ બાંહેધરીને લગતી માહિતી મુળ દફતરે પુનઃ ચકાસણી કરી તેની હકીકતલક્ષી માહિતી પ્રમાણિત નકલ સહિત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલમાં કરેલ કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,(ઉધના ઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) ગૌરીબેન બળવંતભાઈ પટેલ,